# અનુક્રમણિકા

## ટુંકી મુદ્દત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૫/૦૪

**મૂળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી – શ્રી દિનેશસિંહ કુશવાહ(બાપુનગર)**

**"બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા બાબત"**


| પુરક પ્રશ્ન નં. | પૂરક પ્રશ્નની વિગત | પ્રશ્ન પૂછનાર માન.ધા.સ.શ્રીનું નામ | પાના નંબર |
|---|---|---|---|
| 0 | **મુળ જવાબ** | | 1 |
| 1. | રાજ્ય સરકારે ૨.૧૪ લાખ જેટલા બેન્ક એકાઉન્ટ અનફ્રીઝ કરેલ છે તે માટે માન.મુખ્યમંત્રીશ્રી અને માન.ગૃહ રાજ્ય મંત્રીશ્રીને અભિનંદન આપુ છું આ કામગીરી માટે રાજ્ય સરકારનો હેતુ જણાવવા વિનંતી છે. | **શ્રી દિનેશસિંહ કુશવાહ (બાપુનગર)** | 2 |
| 2. | આ ખાતા અનફ્રીઝ કરવાથી ભોગ બનનારની રકમ અંગે સરકારે શી વિચારણા કરી છે? છેલ્લા ત્રણ વર્ષોમા કેટલી કેટલી રકમ ભોગ બનનારને પરત કરવામા આવેલ છે.? | **શ્રી દર્શીતાબેન શાહ (રાજકોટ પશ્ચિમ)** | 3-4 |
| 3. | સાયબર ક્રાઈમના ગુનાઓ અટકાવવા રાજ્ય સરકારે કેવા પ્રકારના આયોજન કરેલ છે? આ આયોજનમાં રાજ્યના પછાત દૂરના અંતરિયાળ વિસ્તારનો સમાવેશ કરેલ છે કે કેમ જો હોય તો તેની વિગતો. | **શ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ)** | 5-6 |

# ટુંકી મુદ્દતનો પ્રશ્ન

તા.૨૩/૦૮/૨૦૨૪

## બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા બાબત

ટૂં.મુ.પ્રશ્ન ક્રમાંક:15/5/4 શ્રી દિનેશસિંહ કુશવાહ, (બાપુનગર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.....

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૮/૦૮/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક માસમાં ગુજરાત પોલીસે રાજ્યમાં કેટલાં બેન્ક એકાઉન્ટ અનફ્રીઝ કરેલ છે, અને | (૧) તા.૦૮/૦૮/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક માસમાં ગુજરાત પોલીસે **કુલ: ૨,૧૪,૭૨૯** બેન્ક એકાઉન્ટ અનફ્રીઝ કરેલ છે, |

| |
|---|
| **ટુંકી મુદ્દત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૫/૦૪**<br>**મૂળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી – શ્રી દિનેશસિંહ કુશવાહ(બાપુનગર)**<br>**"બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા બાબત"** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર MLA શ્રી – શ્રી દિનેશસિંહ કુશવાહ(બાપુનગર)**<br>**પૂરક પ્રશ્ન–(૧) : રાજ્ય સરકારે ૨.૧૪ લાખ જેટલા બેન્ક એકાઉન્ટ અનફ્રીઝ કરેલ છે તે માટે માન.મુખ્યમંત્રીશ્રી અને માન.ગૃહ રાજ્ય મંત્રીશ્રીને અભિનંદન આપુ છું આ કામગીરી માટે રાજ્ય સરકારનો હેતુ જણાવવા વિનંતી છે.** |
| **માન. અધ્યક્ષશ્રી,**<br>તા.૦૮/૦૮/૨૦૨૪ની તારીખે માન.સભ્યશ્રીએ પ્રશ્ન પૂછેલ છે તેના સંદર્ભમાં **૨.૧૪ લાખ બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરેલ છે. આજની તારીખે તેમાં વધારો થઈને ૨,૫૮, ૪૯૭ (બે લાખ અઠ્ઠાવન હજાર ચારસો સત્તાણું)** ખાતા અનફ્રીઝ કરેલ છે.<br>રાજ્યના અમૂક લોકો સાયબર ફ્રોડ કરતા ભેજાબાજોની યુક્તિમાં ફસાઈને **ડિજીટલ પેમેન્ટ સ્વીકારી છેતરપિંડીનો ભોગ બન્યા હતા** અથવા **તો અજાણતા આ પ્રકારની ટ્રેપમાં ફસાઈ ગયા** હતા તેવા **લોકોને રાહત આપવા** માટે અનફ્રીઝ કરેલ છે. ગુજરાત રાજ્યે વિશાળ સમુહને આવતરી લેતી આ કામગીરી કરીને ઐતિહાસિક પગલુ ભર્યુ છે. હવે અન્ય રાજ્યો પણ આપણી આ નિતિનું અનુસરણ કરશે. આ નિર્ણાયક પગલું નાગરિકોના નાણાકીય સુરક્ષાની ખાતરી અને અસરગ્રસ્ત લોકોને ન્યાય અપાવવાની તેમજ રાજ્યમા ડિઝીટલ સુરક્ષાના વાતાવરણના નિર્માણ માટે રાજ્ય સરકારની દ્રઢ વચનબદ્ધતા દર્શાવે છે. |

**ટુંકી મુદ્દત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૫/૦૪**

**મૂળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી – શ્રી દિનેશસિંહ કુશવાહ(બાપુનગર)**

**"બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા બાબત"**

**પૂરક પ્રશ્ન પૂછનાર MLA શ્રી – દર્શીતાબેન શાહ,(રાજકોટ પશ્ચિમ)**

**પૂરક પ્રશ્ન–(૨): આ ખાતા અનફ્રીઝ કરવાથી ભોગ બનનારની રકમ અંગે સરકારે શી વિચારણા કરી છે? છેલ્લા ત્રણ વર્ષોમા કેટલી કેટલી રકમ ભોગ બનનારને પરત કરવામા આવેલ છે.?**

**માન. અધ્યક્ષશ્રી,**

- ગુજરાત પોલીસે બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવા અંગેની તેમની પોલિસીમાં પણ મહત્વપૂર્ણ સુધારો કર્યો છે. નવી પોલિસી મુજબ બેંક **ખાતાની કુલ રકમને બદલે હવે છેતરપિંડી થઈ હોય તેટલા જ નાણાં ફ્રીઝ કરવામાં આવશે**. એટલે કે હવે **આખા એકાઉન્ટને બદલે માત્ર છેતરપિંડી સાથે સંકળાયેલી ચોક્કસ રકમને જ ફ્રીઝ કરાશે.**

વળી, આ ખાતાઓ અનફ્રીઝ કરવા માટે સૂચના આપી હતી પરંતુ પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ NCCRP Portal પર Layer wise Report માં બેંક ખાતા (Bank Accounts) સામે Bank ના નામ તેમજ તે બેંક ખાતા (Bank Accounts) માં આવેલ ડિસ્પ્યુટેડ રકમ (Dispute Amount) સાથેનો Report જનરેટ થતો ન હતો જેથી ઉક્ત બેંક ખાતા (Bank Accounts) અનફ્રિઝ કરવામાં વિલંબ

થતો હતો, બાદમાં MHA, New Delhi (I4C) સાથે ઉક્ત બાબતે જરૂરી સંકલન સાધી તે બાબતે સતત ફોલોઅપ મેળવી ઉક્ત માહિતી સાથેનો Report મેળવવા NCCRP Portal પર સુધારો કરાવેલ અને હાલમાં ઉક્ત જરુરી સુધારા સાથેનો Report જનરેટ કરી શકાય છે

**માન. અધ્યક્ષશ્રી,**

- વર્ષ ૨૦૨૧ માં **૧૪ કરોડ ૭૦ લાખ**ની છેતરપીંડી થયેલ જેમાં **૧૧ કરોડ ૫૨ લાખ** રીફંડ કરાયેલ છે.
- વર્ષ ૨૦૨૨ માં **૩૦ કરોડ ૬૪ લાખની** છેતરપીંડી થયેલ જેમાં **૧૮ કરોડ ૬ લાખ** રીફંડ કરાયેલ છે.
- વર્ષ ૨૦૨૩ માં **૬૩ કરોડ ૩ લાખની** છેતરપીંડી થયેલ જેમાં **૩૨ કરોડ ૪૨ લાખ** રીફંડ કરાયેલ છે.
- વર્ષ ૨૦૨૪ માં **૮૫ કરોડ ૨૪ લાખ**ની છેતરપીંડી થયેલ જેમાં **૬૬ કરોડ ૧૫** લાખ રીફંડ કરાયેલ છે.

**આમ વર્ષ:૨૦૨૦ થી વર્ષ: ૨૦૨૪ સુધીમા કુલ ૨૦ અરબ ૩૨ કરોડની છેતરપીંડી સામે ૧૩ અરબ ૬૫ કરોડ રીફંડ કરાયેલ છે.**

**ટુંકી મુદ્દત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૫/૦૮**

**મૂળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી – શ્રી દિનેશસિંહ કુશવાહ(બાપુનગર)**

**"બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા બાબત"**

**પૂરક પ્રશ્ન પૂછનાર MLA શ્રી –કનૈયાલાલ કિશોરી (દાહોદ)**

**પૂરક પ્રશ્ન–(૩): સાયબર ક્રાઈમના ગુનાઓ અટકાવવા રાજ્ય સરકારે કેવા પ્રકારના આયોજન કરેલ છે? આ આયોજનમાં રાજ્યના પછાત દૂરના અંતરિયાળ વિસ્તારનો સમાવેશ કરેલ છે કે કેમ જો હોય તો તેની વિગતો.**

**માન. અધ્યક્ષશ્રી,**

રાજ્યમાં સાયબ સેલના ગુનાઓ અટકાવાવ રાજ્ય સરકાર સતત ચિંતીતી છે. આ માટે માન.મુખ્યમંત્રીશ્રી કક્ષાએ, મારી કક્ષાએ અનેક મીટીંગો થયેલી છે અને આ મીટીંગમાં લેવાચેલ નિર્ણયોનું અમલીકરણ હાલ ચાલુ છે જેની વિગતો જોઈએ તો..........

(૧) રાજ્યમા CID-Crime ની જેમ એક અલગ સાયબર સેલ ઉભુ કરવામાં આવ્યું છે. આ યુનિટના વડા અધિક પોલીસ મહાનિદેશક કક્ષાના અધિકારી છે તેમની મદદ માટે એક સ્વાયત યુનિટ છે, IGP, DIGP, SP, DySP, PI કક્ષાના અધિકારીઓ યુનિટમા કાર્યરત છે. આ ટીમ તાલીમ અને ગુના નિવારણની કામગીરી કરે છે.

(૨) ગુજરાત રાજ્યના તમામ સાયબર પોલીસ સ્ટેશનો આ યુનિટના નિયંત્રણમાં આવશે. જેથી જે ગુણવત્તાયુક્ત સેવા મહાનગરોને મળશે તે જ સેવા દૂરના છેવાડાના નાગરિકોને મળશે, હાલ ATS હેઠળ SOG કાર્યરત છે, તેમ આ નવા સાયબર યુનિટ હેઠળ ક્ષેત્રિય કચેરીઓ આવશે, **માન.ધારાસભ્યશ્રી આપના વિસ્તારને પણ એ જ સેવા મળશે, જે પાટનગરના નાગરિકને મળશે**.

(૩) દરેક પોલીસ સ્ટેશનમાં એક આઇ.ટી.એક્સ્પર્ટની નિમણૂંક કરવાની કામગીરી પ્રગતિમાં છે.

(૪) હાલ સાયબર સીક્યુરીટીનો કોર્ષ કરેલ રાજ્યના પ્રતિભાશાળી યુવકોને ઇન્ટરશીપ CID-Crime હેઠળ કરાવીને એક વિશાળ માનવબળનું નિર્માણ થઇ રહેલ છે. તેનો વ્યાપ વધારીને રાજ્યની પ્રખ્યાત યુનિવર્સિટી / કોલેજો સાથે MOU કરીને કે સંકલન કરીને સારા તજજ્ઞોની વધુમાં વધુ સેવા મળે તે માટે કામગીરી થશે.

(૫) હેલ્પલાઇન ૧૯૩૦ હેઠળ ૬૦ લોકોની ટીમ ૨૪ કલાક કાર્યરત છે, તેમા વધારો કરવાની કામગીરી ચાલુ છે.